R.N.I.No. : 11555 / 1966
Vol No. 64 - Issue No. 12



Total - 44 Pages

# જ્યોતિપુંજ

# JYOTI PUNJ

Price Rs. 1/-
March - 2021

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત જરૂર આપશો**

**વર્ષ ૨૦૨૧ -૨૦૨૨ના જાહેરાતના ભાવ.......**

**વધુ વિગત માટે જુઓ પાના નંબર - ૨૨**



legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૧૨ | ૨૧-૦૩-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

Visit us at www.balasinor.org


# અર્ધ જાગૃત મનની શક્તિઓ
## (Power of Subconscious Mind)

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

- અર્ધજાગૃત મન ખૂબ જ પાવરફૂલ હોય છે. તેનો ઉપયોગ કરતા આવડે તો જીવનમાં ચમત્કાર સર્જી શકાય છે. અર્ધજાગૃત મનમાં પોઝિટીવ કમાન્ડ હશે તો જીવનમાં પોઝિટીવ નિર્ણયો લેવાશે અને જો નેગેટીવ કમાન્ડ હશે તો નેગેટીવ નિર્ણયો લેવાશે.
- અર્ધજાગૃત મન ઉપર પ્રોગ્રામિંગ કરવું હોય તો માતાના પેટમાંથી અને બચપણથી તેના પર સંસ્કારોની છાપ પાડવી પડે (Imprints)
- અર્ધજાગૃત મન પર પડેલી આ છાપ ને માઈન્ડ સેટીંગ કહેવાય (Mind Setting) અને છાપ પાડવાની આ પ્રક્રિયાને માઈન્ડ પ્રોગ્રામિંગ કહેવાય. દરેક વ્યક્તિ જાણતા-અજાણતા આ માઈન્ડ સેટિંગ પ્રમાણે જીવનના નિર્ણયો લેતો હોય છે.
- અર્ધજાગૃત મન ઉપર પડેલા આ સંસ્કારો આગલા જન્મમાં પણ પડેલા રહેતા હોય છે અને જ્યારે નવો જન્મ થાય છે ત્યારે મન આ સંસ્કારોને સાથે લઈને જન્મે છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતા)
- આપણા જન્મની વાતો આપણને યાદ નથી રહેતી પણ અર્ધજાગૃત મન, પોતાના સંસ્કારો સાથે લઈને આવે છે. આ વાતના ઘણી વખત ઉદાહરણો આપણને સમાજમાં કોઈ કોઈ વ્યક્તિમાં જોવા સાંભળવા મળે છે. મહાભારતની કથામાં અભિમન્યુ ચક્રવ્યુહ ભેદવાની કળા માતાના પેટમાંથી શીખીને આવ્યો હતો એ આપણને ખબર છે.

**શક્તિશાળી હાથીનું ઉદાહરણ :** આમ જોવા જઈએ તો હાથી એક ખૂબ જ શક્તિશાળી પ્રાણી છે પરંતુ મહાવત તેને એક હલકી રસ્સી પગમાં બાંધી રાખે છે

*Colours of Entertainment*

# The Gold Club

- WHERE MEMBERSHIP IS PRIDE

## *A Family Entertainment –for all age groups*

**Membership Fees :** Rs. 5,000/- per head. Kids between 5 to 11 years Rs. 2,500/-
(8 programs - with food in all : Regular, Jain, Diabetic, Chauviar)
All programs on Sat. Sun. & Bank Holidays only.

**INAUGURAL PROGRAMME - MESMERIZING BURMANS (S.D. & R.D.)**
Hit songs with 5 popular singers and 25 plus musicians at Nehru Auditorium
**Date to be declared as per State Government Notification**

2 - DJ along with exotic ambience, variety entertainment & fabulous spread of food.

3 - **Latest Hindi Movie** at a popular theater in town will steal your hearts.

4 - **Fashion Show** will take you to dazzling heights.

5 - **1 Day Picnic at a Popular Resort** - **FREE to & fro AC bus services.**

6 - **Dandiya Raas** at exotic venue will boost your spirits.

7 - **Rajasthani Mela** with **dance, music,food, games, etc. - an unique concept.**

8 - **Musical Antakshari** at **Tata Theatre NCPA.** with a newly introduced concept.

**647 MEMBERS HAVE ALREADY JOINED US**

| President | Founder Member's (Balasinorites) | | |
|---|---|---|---|
| **CA Pradip R. Kapadia** | **ADV Dharmesh B. Kadakia** | **DR. Kiran M. Shah** | **CEO Mayank N. Kadakia** |
| 9821029082 | 9867366266 | 9821045810 | 9833892144 |

**We are proud of 112 BALASINORITES who have joined THE GOLD CLUB**

**Aalok Mehta**
**Alka K. Shah**
Ami Dharia
Amit N. Dharia
L. Amit R. Dharia
Anoopa Kadakia
Asha N. Kacheria
Dr. Ashish Ghuge
**Ashita Kadakia**
Ashok Dharia
Ashwin Dharia
Atul Dharia
Bankim Parikh
Bharat Shah
Bina N. Desai
**Biren Mody**
Chakshu D. Parikh
Chhaya A. Dharia
Daksha U. Shah
Damini J. Parekh
Deepika Parikh
L. Dilip Parikh
Dipti Parikh
Dr. Darshana Gandhi
Dr. Dhaval Gandhi
Gajendra Kadakia
Girish Parikh
Gita J. Dharia
Hema R. Rajesh
Himani Mehta
Hiren Dharia
Hitesh J. Mehta
Ila G. Parikh
Indira Parikh
Jagdish Dharia
Jagruti Kadakia
**Jitendra Parekh**
Jyoti Bhatt
Kamlesh Modi
Ketaki Shah
L. Kishor Kadakia
**Kritarth Kadakia**
Lata H. Mehta
Mamta B. Dharia
Mayur H. Shah
Mayuri N. Parikh
Meeta M. Shah
Miral Parikh
Mita Shah
Mitesh Shah
Mr. & Mrs. Rachna
Nailesh Kadakia
Naina Dharia
Nandish Kadakia
Neela Kadakia
**Nikhil Kacheria**
Nilesh Parikh
Nimesh K. Desai
Nisha N. Kadakia
Nita K. Modi
Nitin B. Desai
Nutan H. Dharia
Pankaj Kadakia
Pankaj C. Shah
Parag Kadakia
**Paresh Kadakia**
Paresh Mehta
Parul S. Desai
Pinki N. Desai
Piyush Kacheria
Pooja Mody
Prakash Parikh
Dr. Prit K. Shah
**Priti A. Dharia**
Rajendra Parikh
Rajesh Parikh
**Raksha Mody**
Rekha Desai
Rekha Dharia
Rita P. Mehta
Dr. Riti Shah Ghughe
Sangeeta Dharia
Sangeeta Kadakia
Sarvangi Kadakia
Satish Lakdawala
Sejal Parikh
L. Shailesh Desai
**Shailesh Mody**
Shailesh N. Desai
Shilpa Lakdawala
**Shivani Kadakia**
Shobha Kadakia
Shweta P. Shah
Smita H. Kadakia
**Smita S. Mody**
Smita P. Parikh
Smita S. Mody
Sundip Parikh
Surekha Kadakia
Surendra Bhatt
Sutpa Kacheria
Trupti A. Dharia
**Tushar Dharia**
Usha Mody
Varsha Y. Desai
Dr. Vidhi P. Shah
Yogesh N. Desai
**Yogesh Parikh**
**Zalak Kadakia**

**Membership : Cash / Cheques to be drawn in favour of The Third Eye**
**Committee Members are Marked in Bold.**

**- social cum cultural extravaganza at its best**

તો તેને તોડીને ભાગી શકતો નથી, અરે પ્રયાસ પણ કરતો નથી.

✣ તમે જાણો છો શા માટે ?

✣ તેનું કારણ છે તેના અર્ધજાગૃત મન પર નાનપણમાં પાડવામાં આવેલું સેટિંગ (Mind Programming)

✣ હાથી જ્યારે નાનો હોય છે ત્યારે મહાવત તેના પગમાં એવી રીતે રસ્સી કે સાંકળ બાંધી રાખે છે કે ગમે તેટલા પ્રયાસો કરે તો પણ છૂટી શકતો નથી. આ નાનકડો હાથી ખૂબ પ્રયત્ન કરે છે, ખૂબ જોર લગાવે છે પણ તે છૂટી શકતો નથી. અંતે થાકીને પ્રયાસ કરવાનું મૂકી દે છે. અહીં તેના અર્ધજાગૃત મનનું પ્રોગ્રામિંગ થઈ જાય છે કે મારા પગમાં દોરી બાંધેલી હોય તો હું છૂટી શકવાનો નથી, માટે પ્રયાસ કરવા જોઈએ નહીં. આ પ્રોગ્રામિંગથી તેનું માઈન્ડ સેટ થાય છે.

✣ હવે આ હાથી મોટો શક્તિશાળી થઈ જાય છે છતાં પણ જો મહાવત તેને હલકી પણ દોરી પગમાં બાંધી રાખે તો પણ તે છૂટવાનો પ્રયાસ કરતો નથી.

✣ આ છે અર્ધજાગૃત મનનો પ્રભાવ !

✣ આપણી આજુબાજુ પણ ઘણા વ્યક્તિઓ આપણે જોઈએ છીએ કે અલગ રીતે નિર્ણયો લેતા હોય છે ત્યારે આપણને નવાઈ લાગે કે આ વ્યક્તિ આવા નિર્ણયો કેવી રીતે લે છે તેનો જવાબ છે તેનું નાનપણથી અને આગલા જન્મથી થયેલું માઈન્ડ સેટિંગ્સ.

✣ પિતા-પુત્ર તથા ભાઈ-ભાઈનું પણ માઈન્ડ સેટિંગ અલગ અલગ હોઈ શકે છે, તેથી તેમની વચ્ચે Diffrance of Opinion આવી શકે છે અને આ વાત ઝઘડાનું કારણ બની શકે છે.

✣ સાસુ વહુના ઝઘડા, દેરાણી જેઠાણી, પતિ-પત્ની વચ્ચેના ઝઘડા વગેરે આ માઈન્ડ સેટિંગને કારણે જ મોટા ભાગે થતા હોય છે. માઈન્ડ સેટિંગની આ વાત સમજશો તો તમે ઝઘડાનું મૂળ સમજી શકશો.

- હાથીનું ઉદાહરણ એક નેગેટિવ માઈન્ડ સેટિંગનું ઉદાહરણ છે.
- આવી જ રીતે પોઝિટવ માઈન સેટિંગ પણ કરી શકાય છે.
- હવે પ્રશ્ન એ થાય કે આપણું જન્મ જન્માંતરથી થયેલું માઈન્ડ સેટિંગ અથવા તો નેગેટિવ પ્રોગ્રામિંગ શું આપણે બદલી શકીએ ?
- તેનો જવાબ છે હા !
- આજના વિજ્ઞાનની ભાષામાં જેને ઓટો સજેશન્સ કહે છે. (Auto Suggetions) તે દ્વારા અને Repeated Self Talk દ્વારા કે પોઝિટિવ 'ચિંતન-મનન' દ્વારા માઈન્ડનું પ્રોગ્રામિંગ કરી શકાય છે. તેના માટે ધ્યાન કે મેડિટેશન વગેરેની પ્રક્રિયા શીખીવી પડે.

⋆⋆⋆

Yoga By Bankim Parikh

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL


- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY



TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# ઉન્નતિના શિખરના પંથો

## (સફળ જીવનની ચાવીઓ)

✍ **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

મહાપુરુષોના વ્યાખ્યાનો અને જીવન ચરિત્રમાંથી જીવન સ્વર્ગ બનાવવાની ચાવીઓ જીવનમાં ઉતારીને ઉત્તમ જીવન જીવવાનો માર્ગ મેળવીએ.

(૧) પોતાના ઘરને મંદિર બનાવી, કટુંબને ઉત્તમ બનાવાય. કુટુંબ એક એવી તાકાત છે, કે જો ઘડીયાળના કાંટાઓ એક જ રહે તો સંજોગોને દુનિયા સામે ઝઝુમવાની તાકાત બની શકે. તે માટે દરેક કટુંબના વ્યક્તિએ પોતાનું મન નિર્મળ ભાવનું બનાવી પોઝીટીવ બનાવવું ખૂબ જ જરૂરી છે.

(૨) સર્વ તનાવને દૂર કરવા ઘર અને રિશ્તાઓને સરળ બનાવવા પડે. માનસિક શાંતિ અને ખુશી માટે ઘરનું વાતાવરણ પવિત્ર અને તનાવમુક્ત હળીમળીને કરવા સમાધાન, માફી અને ક્ષમા કરવી જરૂરી છે. 'તું' અને 'હું' નો અહેસાસ 'આપણે' માં ફેરવવો જરૂરી છે અને વૃધ્ધો અને વડીલોનો આદર કુટુંબને આનંદમાં હર પ્રસંગને ફેરવી શકે છે.

(૩) શબ્દ પ્રયોગ જ તીરની જેમ કામ કરે છે, શબ્દ ઉચ્ચારમાં ધૈર્ય, સકારાત્મક, અહેસાસ, ફર્જ અને મીઠાશ કાર્યોને સફળ અને સહજ બનાવે છે. જો જબાન સુંદર હોય તો જગત પણ સુંદર લાગે છે. જેમ કે દૂધના કુટુંબમાં ગણીએ તો દહીં, છાશ, માખણ, પનીરની કીંમત દુનિયામાં અલગ અલગ હોય છે. તેથી તેની કદર અને સાચવણી જરૂરી છે.

(૪) સમગ્ર સ્વાભિમાન, આદર અને વિશ્વાસ કુટુંબ માટે સચવાય તો નિખાલસતા ચાલુ રહે છે. જે રિશ્તોમાં મીઠાશ બની દુરીયા સાચવવામાં ભાગ ભજવે છે અને દુરીયાને દૂર કરે છે.

(૫) સંસ્કારની બીજ, ઘરના માહોલને સુંદર બનાવે છે. ધાર્મિક સંસ્કાર ઘરના માહોલમાં મળવાથી ઘરનું વાતાવરણ ખુશનુમા, આનંદિત અને પ્રફુલ્લિત રાખે છે.

(૬) આજના આધુનિક રોગોનો દૂર રાખવામાં મદદ કરે છે કારણ કે ટેન્શન દૂર રહેવાથી પ્રેમ, મીઠાશ અને આનંદિત મન આધુનિક રોગો જેવા કે બ્લડ પ્રેશર અને ડિપ્રેશનથી દૂર રાખે છે. સંતોનું મન અંતરમન વાંચી શકે છે. મનુષ્યના જીવનમાં સમસ્યાઓની વણઝાર ઉભી ન થવાથી 'આર્ટ ઓફ લાઈફ' ને સમજીને જીવવાથી 'પાર્ટ ઓફ લાઈફ' બનતા અટકે છે.

(૭) 'સુખીરામ' બનીને જીવવાથી દુઃખો ન ભોગવતા સકારાત્મક જીવન સંતોષ આપે છે. જે મળ્યું તેને પરમાત્માની પ્રસાદી સમજી જીવવાથી મળ્યાનો સંતોષ પ્રાપ્ત થાય છે. મહાત્વકાંક્ષી જીવનમાં અભિલાષા પૂર્ણ ન થાય તો પણ સંતોષકારક જીવન જીવવામાં મદદ મળે છે.

(૮) પરિસ્થિતિ પ્રમાણે મનોસ્થિતિ રાખી જીવન જીવવાથી સહનશીલતા અને સહજતા, જીંદગીને આનંદ લેતા શીખવે છે. હર હાલમાં ખુશી રહેવું તે સંત પાસેથી શીખી શકાય છે.

(૯) જે મારું છે તે જવાનું નથી અને જે ગયુ તે હું રોકી શકવાનો નથી. તે ભાગ્યનો દોષ ગણવાથી દુઃખી જીવન જીવવાથી દૂર રાખે છે.

દુનિયામાં બે પ્રકારના વૃક્ષ હોય છે.

પ્રથમ તો એવા કે વૃક્ષ/છોડ કે જે પોતાની ફળ પોતે જ આપે છે. દા.ત. કેરી, પેરુ, કેળા વગેરે અને બીજા વૃક્ષ એવા પ્રકારના હોય છે કે જે પોતાના ફળ છુપાવી રાખે છે. દા.ત. બટાટા, આદુ, કાંદા વગે. જે વૃક્ષો પોતાની


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

મેળે જ ફળ આપી દે છે એવા વૃક્ષોને ખાતર-પાણી આપી માવજત કરી સુરક્ષિત રાખી શકાય છે અને તેથી જ આવા વૃક્ષો ફરીથી ફળ આપવા માટે સક્ષમ થઈ જાય છે.

પણ જે વૃક્ષ/છોડ પોતાના ફળ છૂપાવી રાખે છે, એના ફળ કાઢવા, મૂળ સાથે માટી કાઢવામાં આવે છે અને એનું અસ્તિત્વ નાશ પામે છે.

પ્રકૃતિ આપણને કેટલો મહત્વનો સંદેશ આપે છે. બસ જોઈ, વિચારી, સમજીને અમલમાં મૂકવાની જરૂર છે.

એવી જ રીતે જે વ્યક્તિઓ પોતાની વિદ્યા, ધન અને કાર્યદક્ષતાનો ઉપયોગ સમાજના ઉધ્ધાર માટે કરે છે. એવી વ્યક્તિઓનું સમાજ જ ધ્યાન રાખે છે અને માન-સન્માન આપે છે.

તેવી જ રીતે જે વ્યક્તિઓ સ્વાર્થી બની બધું જ હોવા છતાં સમાજ માટે કાંઈ જ કરતા નથી એવા લોકોને સમય સાથે સમાજ ભૂલાવી દે છે. ✯ ✯ ✯


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**

**ઘર : ૦૨૨–૨૮૯૦૪૧૦૩**


## છત મળશે ને છત્તર મળશે

છત મળશે ને છત્તર મળશે, ગોદ માતની ક્યાં ?
શયનખંડ ને શય્યા મળશે, સોડ માતની ક્યાં ?

રસ્તો મળશે, રાહી મળશે, રાહત માની ક્યાં ?
ચાંદ, સૂરજ ને તારા મળશે, આંખો માની ક્યાં ?

પલ્લવ ને પુષ્પો તો મળશે, પાલવ માનો ક્યાં ?
સૂર, તાલ ને સંગીત મળશે, ટહૂકો માનો ક્યાં ?

હાજર હાથ હજાર હોય, પણ છાતી માની ક્યાં ?
બારે ઊમટે મેહ, હેતની હેલી માની ક્યાં ?

ભર્યા ઉનાળે પરબ સરીખી છાયા માની ક્યાં ?
ભર્યા શિયાળે હૂંફ આપતી માયા માની ક્યાં ?


## ‘જ્યોતિપુંજ’ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
‘જ્યોતિપુંજ’ પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | **પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | **પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| ૩) | **મુદ્રક અને પ્રકાશકનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૪) | **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| ૫) | **તંત્રીનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૬) | **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી) :** બંકિમ રજનીકાન્ત પરીખ

**તા.૨૧.૩.૨૦૨૧** **પ્રકાશક :** ‘‘જ્યોતિપુંજ’’

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

# કથાઓ એટલે પ્રસંગો નહીં ; પણ સંસ્કૃતિનું પૂર્ણ પ્રાગટય !

✍ **ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)**

આપણી જ્ઞાન પરંપરામાં કથાનું ઘણું મોટું યોગદાન છે. કથાઓનો અપાર મહિમા છે. આ કથાઓ એ યુગો યુગોથી ભારતીય સમાજનું ઘડતર કર્યું છે અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે. એ કથા ભગવાનના જીવનની હોય કે પછી વિભૂતિના પ્રસંગોની હોય, એ કથા કોઈ કાલ્પનિક હોય કે પછી બનેલી સત્ય ઘટનાની પણ હોય. આ ઘટના દ્વારા જીવન ઘડતર થી માંડીને ધર્મ-સંસ્કૃતિની જાળવણી સુધીનાં કાર્યો થયા છે. સામાન્ય ખ્યાલ એવો હોય છે કે 'કથા' એટલે ભક્તિભાવ... લાગણી સભર અશ્રુધાર....

**પરંતુ શાસ્ત્રો એ ચાર 'યોગ' વિશેની સમજણ આપી છે :-**

'ચરણાનુયોગ', 'દ્રવ્યાનુયોગ', 'ગણિતાનુયોગ' અને 'કથાનુયોગ'

પરંતુ 'કથા'ઓ ક્યારેય 'યોગ' સાથે નથી વણાઈ : (સાંભળેલી વાતો એ છે કે : કથા થાક ઉતારવાની જગ્યા છે.)

હકીકતમાં કોઈ પણ ઘટના આધ્યાત્મિક હોય કે દુન્યવી હોય, એની સાથે અનેક તંતુઓ જોડાયેલા હોય છે અને આ પ્રત્યેક તંતુઓ ને એકસૂત્રે બાંધવા પડે. એકલું વાદળ જોઈએ તે પૂરતું નથી. આખું આકાશ જોવું પડે. કારણ કે પ્રત્યેક ઘટનાની પાશ્વાદભૂમીમાં એક વિશિષ્ટ વાતાવરણ હોય છે. ઘટનાની સપાટી ભેદીને ભીતરમાં જવું પડે છે. એ માત્ર ભૂતકાળની ઘટના નથી હોતી. એનો વારસો અથવા તો એની પરંપરા છેક વર્તમાન સમય સુધી પહોંચી હોય છે. એ ઘટનાના શબ્દનો મર્મ, એ ઘટના, સમગ્ર સંસ્કૃતિ સાથે જોડાયેલ હોય છે, જે સ્થળોએ એ ઘટના બની હોય છે, એ સ્થળોનું પણ આગવું મહત્ત્વ અને પ્રભાવ હોય છે.

ભારતની સનાતન, સમર્થ અને સમૃદ્ધ સંસ્કૃતિની જાગૃતિમાં ધર્મરક્ષાનાં મુખ્યત્વે ત્રણ પ્રવર્તક બળો છે.

અવતાર, સંત અને આચાર્ય

**સૌ પ્રથમ :** ધર્મ અને સદાચારની રક્ષા કરવા તથા અધર્મનો નાશ કરવા ઈશ્વર સ્વયં દેહધારી બને તે 'અવતાર'.

**બીજું :** ધર્મની વિકૃતિઓ દૂર કરી, ધર્મના સાચા સ્વરૂપને આચરણ દ્વારા પ્રગટ કરે તે 'સંત'

**ત્રીજું :** ધર્મમાં પ્રાણ પૂરનારા તત્વજ્ઞાનને બુદ્ધિગમ્ય બનાવે અને તેને આચરણ દ્વારા ધર્મ સાથે વણી લે તે 'આચાર્ય'.

આપણા શાસ્ત્રો પ્રમાણે શ્રી રામ અને શ્રી કૃષ્ણ : બંન્ને વિષ્ણુના અવતાર !

તો સૌ પ્રથમ 'અવતાર' ના ઉંડાણમાં જઈએ.

'શ્રી રામ' તથા 'શ્રી કૃષ્ણ' માનવ સ્વરૂપમાં પરમાત્માનો અવતાર છે. એમનું બાહ્ય રૂપ-દેહ માનવનું છે પરંતુ તેમની અંતરંગ ચેતના પુરૂષોત્તમ ચેતના જ હોય છે. તેથી 'અવતાર' ને અધ્યાત્મ જગતની સત્ય ઘટના ગણાય છે.

શ્રી રામ તથા શ્રી કૃષ્ણ ; વિવેક, ધૈર્ય, મર્યાદાના આદર્શ, નીતિધૈર્ય, પ્રતિષ્ઠિત મનુષ્ય દેહધારી ઈશ્વર। સમય તથા સમાજ વ્યવસ્થાને અનુરૂપ જીવન ચરિત્ર। વર્ષો પહેલા કોઈક ગુજરાતી છાપામાં એક સુંદર લેખ વાંચ્યો હતો. લેખક વિશેની માહિતી યાદ નથી પરંતુ ખૂબ સુંદર લખાણ હતું.

**'શ્રી રામ અને શ્રી કૃષ્ણ - એક સિક્કાની બે બાજુ'**

શ્રી રામ 'ધર્મ' કહે તેમ કરે જ્યારે શ્રી કૃષ્ણ કહે તેમ 'ધર્મ' રચાય.

કૃષ્ણાવતાર પહેલાં એક સિદ્ધાંત હતો કે જ્યાં ધર્મ છે

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105$^0$C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

ત્યાં જય છે. પણ શ્રીકૃષ્ણના અવતાર પછી વ્યાસ મુનીએ આપણને જાણે કે આ સૂત્ર સુધારી આપ્યું છે જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ એટલે ઈશ્વર છે અને જ્યાં કૃષ્ણ અર્થાત ઈશ્વર છે ત્યાં જય છે.

શ્રી રામને આપણે હંમેશા મર્યાદા પુરુષોત્તમ તરીકે જ વંદન કરીએ. શ્રી રામ ઈશ્વર અવતાર હોવા છતાં માતા-પિતા, ગુરુજન તથા પ્રત્યેક વડીલજન પ્રત્યે ખૂબ જ આદરભાવ રાખતા. માતા-પિતાની આજ્ઞાની આમાન્યા જાળવવા બધું જ ત્યાગી વનમાં પ્રસ્થાન કર્યું. જો કે અવતારી પુરુષો કોઈ પ્રયોજન હેતુ જ અવતરે છે. ધર્મ કહે તે પ્રમાણે જ એમનું જીવન ચરિત્ર રહ્યું છે.

જ્યારે શ્રી કૃષ્ણને આપણે ઘણા રૂપે ઓળખીએ છીએ. શ્રી કૃષ્ણના બાળપણની વાત આવે તો એમના નટખટ પણાની વાત આવે. એમની બાંસુરીના પોલાણમાં સપ્તસૂરનો વાસ છે. આમ તો સંગીતથી ભરેલી બાંસુરી અંદરથી તો ખાલી જ હોય. પણ બાંસુરીનાં ખાલીપણામાં થી સપ્તસુર વહેવડાવનાર શ્રી કૃષ્ણ તો : ગોપી વલ્લભ છે, યશોદા નંદન છે, માખણ ચોર છે, મોરમુકુટધારી છે, પીતાંબરધારી છે, ગોપાલનંદન છે.

શ્રી રામે હંમેશા વિવેક, મર્યાદા તથા સર્વે મહાનુભાવોની આમાન્યા જાળવી ને જીવન જીવ્યું છે. ધર્મ વિરુધ્ધ એક પણ કાર્ય કર્યું નથી. જીવનમાં કોઈ ને પણ ઉપદેશ એમણે આપ્યો નથી.

જ્યારે શ્રી કૃષ્ણ એ અર્જુનને એક નવા સંસ્કારી સમાજની સ્થાપના હેતુ 'ભગવદ્ ગીતા' કહી. આથી જ્ઞાની વિદ્વાનો કહે છે કે ; શ્રી રામે 'કર્યું' તેમ કરવાનું અને શ્રી કૃષ્ણએ 'કહ્યું' તેમ કરવાનું.

શ્રી રામ યોગમાં માને છે, શ્રી કૃષ્ણ પ્રયોગમાં માને છે. શ્રી કૃષ્ણને પ્રેમ કરી શકાય જ્યારે શ્રી રામને ફક્ત વંદન જ કરી શકાય ! શ્રી રામ મર્યાદા પુરુષોત્તમ કહેવાય છે જ્યારે શ્રી કૃષ્ણ જ્ઞાનમાં યોગેશ્વર, કર્મમાં રાજેશ્વર અને ભાવમાં રસેશ્વર કહેવાય.

આ જ તફાવત ને કારણે શ્રી રામ અને શ્રી કૃષ્ણ માટે કહેવાય છે 'એક સિક્કાની બે બાજુ'

શ્રી કૃષ્ણ જનમ્યા કારાગૃહમાં પરંતુ 'ભગવદ ગીતા' દ્વારા સંદેશ આપ્યો મોક્ષનો. 'ભગવદ ગીતા'નો અંત આપણને આરંભ સુધી લઈ જાય છે.

જીવનનાં મંત્રો ઉપનિષદોમાંથી મળી જાય પરંતુ એનો મર્મ જીવનમાંથી શોધવો પડે છે. આ મહત્વનો સંદેશ શ્રી કૃષ્ણએ 'ભગવદ ગીતા' દ્વારા સમગ્ર માનવજાત ને સમજાવ્યો પરંતુ 'આગળ લખ્યું એમ : કથા ક્યારેય યોગ સાથે નથી વણાઈ. પણ જ્યારે સમજાય ત્યારે આપણે કથાને કથાનુયોગ સમજીને જીવનમાં ગુંથીએ તો પ્રભુના પ્રત્યેક જીવન-ચરિત્રથી આપણું જીવન પણ યોગ શાસ્ત્ર બની શકે.... ★ ★ ★



KAYCEE KI

pla

BRISK®

RGK MARQUARDT

MET™

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL™

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION®

ELMECO®

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⁙ www.modyelectrotraders.com

# COVID VACCINE લેવા માટે કઈ રીતે કરાવશો રજીસ્ટ્રેશન ? જાણો સંપૂર્ણ પ્રક્રિયા

✍ તંત્રી મંડળ તરફથી

કોરોના સંક્રમણ (Corona Virus) પર લગામ લગાવવા માટે દેશમાં રસીકરણ અભિયાન હેઠળ સામાન્ય લોકોને કોવિડ વેક્સિન લગાવવામાં આવી રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિ ગવર્મેન્ટના માપદંડ અનુસાર રસી લગાવવા માટે ગમે ત્યાંથી અને કોઈપણ સમયે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

કો-વિન એક ડિજિટલ પ્લેટફોર્મ છે, જેના દ્વારા કોવિડ રસીકરણ પ્રક્રિયા પર નજર રાખવામાં આવે છે. સરકાર તેને અપગ્રેડ કરી રહી છે. તેના દ્વારા સ્વાસ્થ્યકર્મીઓ અને ફ્રંટલાઈનમાં કામ કરનારા લોકોનું રસીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

કોવિડ વેક્સિન માટે ૬૦ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વરિષ્ઠ નાગરિક તેમજ ૪૫ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિ કે જે બીજી કોઈ બિમારીથી પીડિત છે તે દરેક લોકો તેના માટે અરજી કરી શકે છે.

રસી કેન્દ્ર પર જ્યાં કોવિડ વેક્સિનની રસી આપવામાં આવતી હોય ત્યાં જઈને પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ત્યાં લોકોની મદદ માટે સ્વયંસેવક પણ ઉપલબ્ધ હશે. સરકારી કેન્દ્રો પર આ વેક્સિન ફ્રી આપવામાં આવશે, જ્યારે ખાનગી હોસ્પિટલોમાં તેના માટે કિંમત ચુકવવી પડશે. સરકારે ખાનગી રસીકરણ કેન્દ્રો માટે પ્રતિ ડોઝ ૨૫૦.૦૦ રૂપિયાની ફી નક્કી કરી છે. તેમાં ૧૫૦.૦૦ રૂપિયા વેક્સિનની કિંમત અને ૧૦૦.૦૦ રૂપિયા સર્વિસ ચાર્જના હશે.

ઓનલાઈન બુકિંગ તમે જાતે કો-વિન પોર્ટલ પર કરી શકો છો. ઓનલાઈન બુકિંગ સમયે રાજ્ય સરકાર તરફથી રસીકરણ માટે જે તારીખ ઉપલબ્ધ હશે તે તારીખ તથા સમયની જાણકારી મળી જશે. તમને જે તારીખ અને સમય આપવામાં આવ્યો હોય તે કેન્દ્ર પર જઈને તમે રસી લગાવી શકો છો. તમને આપેલી તારીખથી એક દિવસ પહેલા તેમાં કાંઈ આકસ્મિક કારણ આવી જાય તો તમે તેમાં ફેરફાર કરાવી શકો છો.

રસીકરણ વિકલ્પ તમને તમારા મોબાઈલ ફોનથી કો-વિનના નવા વર્ઝનથી જીપીએસની સુવિધા દ્વારા સરકારી કે ખાનગી રસીકરણ કેન્દ્રની પસંદગી તમે જાતે કરી શકો છો.


આ રસીકરણ માટે જરૂરી નથી કે લાભાર્થી પોતાના રાજ્યમાં જ કોવિડની રસી લગાવે, તે કોઈપણ રાજ્યમાં રસીકરણ કરાવી શકે છે.

બીમારીનું પ્રમાણપત્ર આપીને ૪૫ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિ પોતાની બીમારીનું પ્રમાણપત્ર ઓનલાઈન બુકિંગ કરાવતા સમયે સાથે અપલોડ કરવું પડશે. તેના માટે માત્ર રજિસ્ટર્સ ડૉક્ટર દ્વારા જારી કરવામાં આવેલ પ્રમાણપત્રનો જ સ્વીકાર કરવામાં આવશે.

કોઈપણ વ્યક્તિ કો-વિન ૨.૦ પોર્ટલ કે આરોગ્ય સેતુ એપ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. એક મોબાઈલ નંબર ઉપરથી પરિવારના ચાર લોકોનું રજીસ્ટ્રેશન થઈ શકે છે, પરંતુ બધાનું ફોટો ઓળખ પત્ર અલગ અલગ હોવું જોઈએ. તેના માટે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, પેન કાર્ડ, એન.પી.આર. સ્માર્ટ કાર્ડ કે ફોટોવાળા રેશનકાર્ડથી પણ રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.

તમને નીચે જણાવેલી કોઈપણ બીમારી હશે તો મળશે કોરોના વેક્સિન.

૧. છેલ્લા એક વર્ષમાં જો કોઈ વ્યક્તિ હૃદયની બીમારીને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હોય.
૨. પોસ્ટ કાર્ડિયાક ટ્રાન્સપ્લાન્ટ / ડાબું ક્ષેપક સહાયક ઉપકરણ (એલવીએડી)
૩. નોંધપાત્ર ડાબુ ક્ષેપક સિસ્ટોલિક ડિસફંકશન (LVEF < 40%)
૪. મધ્યમ અથવા ગંભીર વેલ્વ્યુલર હાર્ટ ડિસીઝ
૫. ગંભીર પીએચ અથવા આઈડિયોપેથિક પીએચ સાથે જન્મજાત હૃદય રોગ હોય.
૬. કોરોનરી ધમનીની બિમારી (સીએબીજી / પીટીસીએ / એમઆઈના ઈતિહાસ સાથે) અને હાયપરટેન્શન / ડાયાબિટીઝ સારવાર ચાલુ હોય.


METACOLOR
METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-66937019 / 65005943 • Telefax: 66937020
Rahul Dharia - 98200 59457 • Rohan Dharia: 98200 59487 • Email: ralson@bom5.vsnl.net.in

૭. કંઠમાળ અને હાયપરટેન્શન / ડાયાબિટીસ સારવારમાં

૮. સ્ટ્રોક (સીટી / એમઆરઆઈ પરીક્ષણમાં) અને હાયપર ટેન્શન/ડાયાબિટીઝમાં.

૯. પલ્મોનરી ધમની હાયપરટેન્શન અને હાયપરટેન્શન / ડાયાબિટીસ

૧૦. ડાયાબિટીધ (૧૦ વર્ષથી વધુ અથવા મુશ્કેલીઓ સાથે) અને હાયપરટેન્શન હોય.

૧૧. કિડની / યકૃત / હિમેટોપોએટીક સ્ટેમ સેલ્સ ટ્રાન્સપ્લાન્ટમાં.

૧૨. હેમોડાયલિસિસ / સિએપીડી પર અંતિમ તબક્કાના કિડની રોગો.

૧૩. મૌખિક કોર્ટીકોસ્ટેરોઈડસ / રોગ પ્રતિકારક શક્તિ ઘટાડતી દવાઓનો લાંબા ગાળાનો ઉપયોગ.

૧૪. ડિસમ્પેન્સેટેડ સિરોસિસ

૧૫. છેલ્લા બે વર્ષ /એફઆઈવીઆઈ < / 50 % માં તીવ્ર શ્વસન બિમારીને લીધે.

૧૬. લિમ્ફોમા / લ્યુકેમિયા / મિલોમા.

૧૭. ૧ જુલાઈ ૨૦૨૦ ના રોજ અથવા તે પછીની તપાસમાં કોઈપણ કેન્સર અથવા કોઈપણ કેન્સર ઉપચારની પુષ્ટિ હોય તે વ્યક્તિ

૧૮. સિકલ સેલ રોગ / બોન મેરો નિષ્ફળતા / AP પ્લેસ્ટિક એનિમિયા / થેલેસેમિયા મેજર હોય.

૧૯. પ્રાથમિક રોગ પ્રતિકારક રોગ / એચ.આઈ.વી. ચેપ.

૨૦. બૌદ્ધિક અક્ષમતા /સ્નાયુબદ્ધ ડિસ્ટ્રોફી / એસિડ એટેક / અક્ષમ વ્યક્તિ / અંધત્વ / બહેરાશ જેવા વિકલાંગતાને કારણે ક્ષતિગ્રસ્ત શ્વસનતંત્ર.

આ લખાય રહ્યું છે તે દિવસે આપણાં પ્રધાનમંત્રી તે પણ સરકારી હોસ્પિટલમાં જઈને સામાન્ય નાગરીકની જેમ ભારતીય Covaxin રસી લઈને વેકસીનેશન પર સવાલ ઉઠાવનારની બોલતી બંધ કરી દીધી છે. ★★★


Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

*Krish* INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068





NIRAV Photo Arts

- HD VIDEO SHOOTING - PHOTOGRAPHY
- DESIGNER ALBUM • ONLINE VISION MIXING
- CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
- STUDIO SETUP • VIDEO HIGHLIGHT
- NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
- PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
- CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068, INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | COOLEX

AJMERA
Marine Light Fittings & Switchgears

Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

walther
Electrotechnical Systems

Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision

HENSEL
PASSION FOR POWER

Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL

Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation

LED Light Fixtures

**Sales Off. :** Room No. 20, 2nd Floor, Ajmera House, 63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 3956 7231 / 6631 0540 • **E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

બોધ વાર્તા

# જીવન દૃષ્ટિ

## પાણીનો એક ગ્લાસ

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

પ્રસંગ મુજબ એક પ્રખ્યાત માનસશાસ્ત્રી ને 'માનસિક તાણ' પર પ્રવચન આપવા એક વ્યાપારી મંડળે બોલાવ્યાં. તે જ્યારે એક વિશાળ ખંડમાં દાખલ થયા ત્યારે હાજર બધાં સભ્યોને એ આશા હતી કે શરૂઆત એક સામાન્ય પ્રમાણ આપીને કરશે. જેમાં તે પાણીનો ગ્લાસ ઉંચકીને સહુને પુછશે કે,'આ પવાલું અડધું ભરેલું છે કે આખું ?' અને તમારા જવાબ ઉપર તમારી માનસીક પરિસ્થિતીનો ખ્યાલ આવશે.

પરંતુ એ માનસશાસ્ત્રીએ કંઈક બીજી રજૂઆત કરી. એક સ્મિત સાથે તેણે હાથમાં ગ્લાસ લીધો થોડું પાણી પીધું અને પછી પ્રશ્ન કયો,'આ પાણીથી ભરેલો પવાલો કેટલો વજનદાર હશે ?'

આવા સાદા સવાલથી સહુ આભા બની ગયા, પરંતુ પ્રવચનની શરૂઆત હોવાથી સહુએ થોડો રસ લીધો અને વિવિધ જવાબ આપ્યાં.

'અડધો લીટર', 'પા લીટર' તો કોઈ બોલ્યું, 'એક લીટર'

માનસશાસ્ત્રીએ કહ્યું, 'આ ગ્લાસનું વજન કેટલું છે એનાથી કંઈ ફરક નથી પડતો પણ તે કેટલીવાર સુધી એને પકડી રાખવામાં આવે છે તે અગત્યનું છે.'

આ સાંભળી સહુ ગુંચવાઈ ગયા. માનસશાસ્ત્રી શું કહેવા માંગે છે તે સમજાયું નહીં.

માનસશાસ્ત્રી સમજાવતાં બોલ્યા, 'હું એક મિનીટ સુધી આ ગ્લાસને પકડીને ઉભો રહીશે તો મને કંઈ ફરક નહિ પડે, હું એક કલાક સુધી પકડી ઉભો રહીશ તો મારા હાથમાં થોડો દુઃખાવો ઉપડશે. પણ હું જો આખો દિવસ સુધી આ ગ્લાસને પકડી ઉભો રહીશ તો મારું શરીર નબળું બનશે. શરીર થાકી જશે અને સંવેદન રહિત બની જશે. પણ આ દરેક ઉદાહરણમાં પાણીનાં ગ્લાસના વજનનો કંઈ ફરક નથી પડતો, એનું વજન એટલું રહે જ છે, પરંતુ જેટલો લાંબો સમય હું પકડી રાખું છું એટલો જ એ પાણીનો ગ્લાસ વજનદાર બનતો જાય છે.'

હવે સહુ સભાસદો ધ્યાનથી સાંભળતા હતાં અને વિચારતાં હતા કે આ દાખલાનો ઉદ્દેશ્ય શું નીકળશે ?

માનસશાસ્ત્રી હવે ફોડ પાડતાં કહે છે 'માનસિક તાણ અને દુન્યવી દુઃખ આ પાણીના ગ્લાસ જેવા છે. તમે એના માટે થોડો સમય વિચારો તો તેનો કોઈ અર્થ નહિ સરે. પરંતુ એના માટે જીવનનાં થોડા કલાકો વિચારો અને તમે દુઃખી થશો અને ત્યારબાદ જો તમે આખો દિવસ કે થોડા દિવસો સુધી એ બાબત માટે વિચારશો તો તમે સૂઝબૂઝ ગુમાવી બેસશો. તમે લાચાર અને અસહાય અનુભવશો, તમારું પોતાનું વ્યક્તિત્વ અને વિચાર શક્તિ ખોઈ બેસશો અને કોઈપણ કામ કાજ કરવા માટે તમે અક્ષમ બની જશો.'

આથી મારે એ સમજાવવું છે કે 'તમે આ ગ્લાસને નીચે મુકવાનું ના ભૂલતાં, આ ગ્લાસ રોજબરોજ ચિંતા અને દુઃખથી ભરાય છે. માત્ર એને સાથે લઈ ના ફરતાં. બહુ અવલોકન ના કરતાં. આવા ગ્લાસને નીચે મુકીને જીવન માણવાનું નહિ ભૂલતાં.' ★★★


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**માતબર દાન**

સ્વ. રજનીકાંતભાઈ ચીમનલાલ કડકીઆ (ફાડીયા)
હસ્તે
શ્રી પ્રારિન્દ્રભાઈ રજનીકાંત કડકીઆ (ફાડીયા)
તરફથી
**રૂા. ૧,૦૦,૦૦૦/- નું માતબર દાન**
સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.
સંસ્થા કડકીઆ પરીવારનો આભાર માને છે.

મંત્રી - ભાવેશ મોદી    પ્રમુખ - સૌમિલ મોદી

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq™

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

# ઈશ્વરનો સાક્ષાત્કાર

✍ **પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્કાપારેખ)**

સમગ્ર સૃષ્ટિ ઈશ્વરની છે અને બંને એક બીજામાં પરોવાયેલા છે, આમ ભાગવત ગીતામાં કહેવાયું છે, છતાં આપણે ઈશ્વરના સાક્ષાત્કારને સદાય ઝંખીયે છીએ.

(અર્જુન જેવા અર્જુને પણ યોગેશ્વર શ્રી કૃષ્ણને ઈશ્વરીય રૂપમાં અવતરવા ફરજ પાડી હોઈ તો તમે અને હું.... વાતમાં કંઈ વિસાતમાં ?)

આધુનિક સમયે જીવનને ખુબ વ્યસ્ત અને મહત્વાકાંક્ષી બનાવ્યું હોય, ત્યારે ઈશ્વરનું સ્મરણ પડકાર બની રહે સહજ છે. ૨૨ થી ૨૫ હજાર વર્ષથી પોતાની ભૂમિકા અને હોદ્દા ને સમર્પિત ઈશ્વર/પરમાત્મા એક સફળ પ્રબંધક હોય, ત્યારે વ્યસ્તતા તેને વાંરવાર ઈશ્વરીય રૂમાં અવતરી સમાજને સાબિતી આપવાની મંજૂરી ન પણ આપે.... ચલાવી લેવું..! જતું કરવું...! જેમ સમયની વ્યસ્તતાએ ઘણી વખત ઘરમાં તમને અને મને પણ માનસિક કે શારીરિક ગેર હાજર રાખ્યા છે. આ સમયે ઈશ્વરે 'નિમિત્ત' નું સર્જન કર્યું છે, ઈશ્વર છેક અંતરની ઊંડાઈ થી કહી ગયા કે 'મનુષ્યમાં સ્થિત હું એક આત્મા છું' 'નિમિત્ત...!' ખુબ સીધી અને સરળ ભાષામાં કહીયે તો 'તમને અને મને અણધાર્યા સમયે અશક્યતાને આરે પહોંચેલી પરિસ્થિતિ થી ઉગારનાર વ્યક્તિ' આ નિમિત્ત એક વ્યક્તિ જ છે જેની ચેતના ઈશ્વરના વિધાતાના આદેશને વશ બની જરૂરિયાતમંદોની મદદે આવે છે, જેની મદદ એ ઘણી વખત જાણ્યે-અજાણ્યે આપણે સ્વાર્થ સમજી લીધી હશે....!!

આધુનિક સમયે માણસને કર્મયોગી બનાવ્યો છે, સતત કર્મમાં વ્યસ્ત વ્યક્તિ ઈશ્વરનું આપેલું વધુ એક સૂત્ર ભૂલી ગયો છે 'સર્વ કર્મ સમર્પણ' પરિણામ સ્વરૂપ દુઃખ અને દુવિધા નો સ્વીકાર કરવામાં તકલીફો ભોગવે છે, અને ફરી એક વખત ઈશ્વરના હોવાની સાબિતી માંગે છે. ઈશ્વરના સાક્ષાત્કારને ઝંખે છે અને પરિણામે ઈશ્વર પ્રગટ થાય છે, ભાવો થકી, લાગણી થકી.

ઈશ્વરના સાક્ષાત્કારના પ્રસંગો ડગલે ને પગલે થાય છે જે ફક્ત માણવાના હોય છે અનુભવવા ના હોય છે. ઈશ્વર એ સમગ્ર સૃષ્ટિની રચના કરી પણ પોતો પસંદ તો સુક્ષમતા જ કરી છે.

જેમ કે ! ઊનના દડાની મોજા ગુંથતી ગર્ભવતી સ્ત્રીના હરખમાં ઈશ્વર છે. ઘરમાં રમતું નાનું બાળક જ્યારે પડી જાય અને દિવાલનો ખૂણો 'આટલો' દૂર રહી જાય એ 'આટલી' રહી જતી જગ્યામાં ઈશ્વર છે, દીકરી વિદાય વેળાની ક્ષણ પહેલા અંતરમાં વ્યાકુળતા અને ચહેરા પર જુઠું સ્મિત લઈ ફરતા પિતાની વ્યથામાં ઈશ્વર છે. વૈકુંઠની વાટ જોતા પિતાના ખાટલે બેસીને ભાગવત ગીતા વાંચતા દીકરાના ભાવમાં ઈશ્વર છે, રક્ષાબંધને આવેલા બહેનના આશિષમાં ઈશ્વર છે, 'ક્ષણ વારમાં મળતી સફળતા અને નિષ્ફળતામાં ઈશ્વર છે.'

મારું ચિંતન અને અનુભવ કહે છે કે જીવનનો કોઈ એવો પ્રસંગ કે સૃષ્ટિનો કોઈ એવો ખૂણો નથી કે જ્યાં ઈશ્વર ન હોય, કઈ નથી તો એ આપણી દ્રષ્ટિ છે જે સમગ્રતાને પણ ઓળખી નથી શકતી. ★★★


## ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,**
**બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯।**
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### વર્ષ ૨૦૨૧ – ૨૦૨૨ માટે ના જ્યોતિપુંજમાં જાહેરાત આપવાના ભાવ ગયા વર્ષ મુજબ જ રાખ્યા છે, જે નીચે પ્રમાણે છે

| પાના | માસિક રૂા. | વાર્ષિક રૂા. |
|---|---|---|
| આખું પાનું | ૧,૫૦૦ | ૧૦,૦૦૦ |
| અડધું પાનું | ૧,૦૦૦ | ૭,૦૦૦ |
| પા પાનું | ૭૦૦ | ૪,૦૦૦ |
| બીજું કલર કવર પેજ | ____ | ૨૧,૦૦૦ |
| ત્રીજું કલર કવર પેજ | ____ | ૨૧,૦૦૦ |
| છેલ્લું કલર કવર પેજ | ____ | ૨૫,૦૦૦ |

જેણે જાહેરાત આપવી હોય તેઓએ બંકિમ પરીખનો સંપર્ક કરવો.

મંત્રી – ભાવેશ મોદી    તંત્રી – બંકિમ પરીખ

# હોળી રસિયા

સોનલ મોદી
તેજશ્રી પરીખ
સુષ્મા દેસાઈ

હોરી ખેલન પધારો શ્રી વૃંદાવનમેં
શ્યામા ખેલન પધારો શ્રી વૃંદાવનમેં
શ્રી વૃંદાવનમેં શ્રી મધુવનમેં..... હોરી ખેલન....
આઈ બસંત બહાર કરે કોયલ પુકાર,
પરે રંગન ફુહાર (૨)
શ્રી વૃંદાવનમેં ..... શ્યામા ખેલન પધારો......
કરકે સોલહ શૃંગાર મિલકે આઈ વ્રજનાર,
ગાવો હોરી કે ધમાર (૨)
શ્રી વૃંદાવનમેં ..... શ્યામા ખેલન પધારો......
લીયે હાથન ગુલાલ મારી પીચકારી કી ધાર,
રંગ સો રંગ દિયે નંદકુમાર (૨)
શ્રી વૃંદાવનમેં ..... શ્યામા ખેલન પધારો......
શ્યામા ખેલન પધરો શ્રી વૃંદાવનમેં
રાધે ખેલન પધારો શ્રી વૃંદાવનમેં
પ્યારી ખેલન પધારો શ્રી વૃંદાવનમેં
શ્રી વૃંદાવનમેં શ્રી મધુવનમેં
રાધે ખેલન પધારો શ્રી વૃંદાવનમેં

---

હે....... ગોકુલની ગલીયોમાં રમવાદો
રાધા કૃષ્ણને હોળી રમવા દો
કાનાએ પેરયુ છે પીળુ પિતાંબર
રાધાજીએ પહેરીછે નવરંગ ચૂંદડી
હે.... ઘુંઘટના ઘુમટે ઘુમવા દો
રાધા કૃષ્ણને હોળી રમવા દો
કાના એ લીધી સોનાની પિચકારી
રાધાજીએ લીધી ગુલાલની ઝોળી
હે..... ખોબલે ગુલાલ ઉડાડવા દો
રાધા કૃષ્ણને હોળી રમવા દો
હોળી ખેલીને કાનો આવ્યો ઉમંગમા
માતા જશોદાએ લીધા ઓવારણા
હે....... વૈષ્ણાવને દરશન કરવા દો
રાધા કૃષ્ણને હોળી રમવા દો
હે..... ભક્તો ને દરશન કરવા દો
રાધા કૃષ્ણને હોળી રમવા દો
ખેલવા દો ખેલવા દો......

શ્યામ સે શ્યામા બોલી,
ચાલો ખેલેગે હોલી
બાગ હૈ યે અલબેલા,
લગા કુંજો મેં મેલા
હર કોઈ નાચે ગાયે,
રહે કોઈ ન અકેલા
ઝૂમ કર સબ યે બોલો
હર બરસ આયે હોલી........
કભી વૃંદાવન ખેલે,
કભી બરસાને ખેલે
કભી ગોકુલમે ખેલે,
રંગી નંદગાંવ કી ગલિયાં
રંગી ભાનુ કી હવેલી.... ગ્વાલ તુમ સંગ મેં લાના
મેરે સંગ સખિયાં હોંગી,
ઉન્હેં તુમ રંગ લગાના
જહાં વો ભરતી હોંગી,
તુમ્હેં મૈં દૂંગી ગારી કાહે ખેલત હો હોરી....
કભી રંગ જાએ રાધા,
કભી રંગ જાએ બિહારી
હૈ કૈસા મસ્ત મહીના,
હૈ કૈસી સુંદર નૈના તિહારી...
ચલ હટ ચલ હટ કહતે કાહે ખેલે ઐસી હોરી

---

**(આસમાના રંગની ચુંદડી રે)**

સાડી રંગી ચોળી રંગી, કીધા ગાલ લાલ
નાખી દીધો રે મારા મન પર ગુલાલ
ઢોળી રે દીધારે મારા તન પર ગુલાલ
હે... તારો આટલો ભરોસાં નહિ રે નંદલાલ - નાખી
જાઉ શી રીતે મારે ઘરરે અનાડી
મોંધા તે મુલની મારી ચુંદજી બગાડી
સાસુને નણંદજી દેશે મને ગાળ - નાખી રે
જાઉ શીર રીતે મારે ગામડે ગોકુળીયે
માંડયા ધીંગાણ મારી નણંદી નાનડીયે
લાલ કરું રાવ નંદજીને તત્કાળ - નાખી રે

# હોળી રસિયા

રાત શ્યામ સપને મેં આયે
ધૈયા પી ગઈ...... સ ર ર ર.....રાત
જબ શ્યામને મેરી ખિડકી ખોલી
ખિડકી કર ગઈ.....ચ ર ર ર ર.... રાત
જબ શ્યામને મેરી બૈયા મરોડી
બહિયા કર ગઈ..... ત ર ર ર ર.... રાત
જબ શ્યામને મેરો માખણ ખાયો
મટકી ફોડી...... ક ર ર ર ર ... રાત
ચુનર ઉડ ગઈ...... ફ ર ર ર ર... રાત
જબ હી શ્યામને બંસી બજાઈ
હોશ ઉડ ગયે.... હ ર ર ર ર ર.... રાત
ચંદ્ર સખી બજ બાલ કૃષ્ણ છબી
ભવ સે તર ગયે.... ત ર ર ર ર .... રાત
રાત શ્યામ સપને મેં આયે
ધૈયા પી ગઈ...... સ ર ર ર ર ર.... રાત

આયા હે હોરી કા દીવાના
હોરી કા દિવાના રાધે કે દીવાના.... આયા હે
આયા હે હોરી કા રસિયા
હોરી કા રસિયા રાધે કે મન બસિયા.... આયા હે
નંદ ગામ તે આયા હે વો
બરસાનેમેં ધૂમ મચાતા હે.... હોરી કા દીવાના
અબીર ગુલાલ કી ફેટ મારત હે
પીચકા ઝાક ઝોર ચલાતા હે.... હોરી કા દીવાના
સબ સખીયન મિલ ઘેર લિયા હે
દીવાને કો નાર બનાયા હે.... હોરી કા દીવાના
ગોવર્ધનનાથ પ્રભુ દીવાના હમારા
દ્વારકાધીશ પ્રભુ દીવાના હમારા
હમ સબ કો દીવાના બનાતા હૈ.... હોરી કા દીવાના
આયા હે હોરી કા દીવાના
હોરી કા દીવાના રાધે કે દીવાના... આયા હે

---

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જાન્યુઆરી ૨૦૨૧ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

મેડીકલ, ગાયનેક, આંખ, માનસિક, સોનોગ્રાફી મોબાઈલ તેમજ ઈમરજન્સીમાં કુલ ૪૦૨૨ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૪૪૭ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૧૧૩૭ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જીકલના મેજર ઓપરેશન ૦૯ તથા માઈનોર ૧૫, ગાયનેકના મેજર ઓપરેશ ૨૦૨ પૈકી કુટુંબ કલ્યાણ અંતર્ગતના ૧૭૨ ઓપરેશનો તથા માઈનોર ૦૨ ઈએનટીના માઈનોર ઓપરેશન ૦૯ તથા ઓર્થોપેડીકમાં મેજર ૦૩ તથા માઈનોર ૨૦ તેમજ આંખના મેજર ૨૦૪ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૫૫૨૪૦૬/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૪૪૧૭૪૦/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટમાં માહે જાન્યુઆરી ૨૦૨૧ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજી તેમજ ફીજીયોથેરાપીના મળી કુલ ૧૩૫૭ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૩૦૮ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૪૬૨ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૫૫૬૯/- ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૭૫૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૦,૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી માન્યતા મળી ગયેલ છે. આ બન્ને કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવામાં સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# હોળી ઉત્સવ કેસૂડે સંગ......

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

**ઉત્સવનો અર્થ**

**ઉ = ઉમંગ અને ત્સવ = ઉછાળવું**

જેમાં ઉમંગો ઉછળે અને હૈયું હિલોળે ચઢે તે ઉત્સવ એટલે હોળી.

ભારતભરની માનવ પ્રકૃતિ એ ઉત્સવ પ્રિય પ્રજા છે. તેનું સૌથી મોટું સ્વરૂપ વ્રજની અંદર જોવા મળે છે. આપણુ વ્રજએ આનંદનું ધાન છે. અહીં સદા આનંદ, ઉલ્લાસ ને ઉમંગો ઉછળતા જ રહે છે. તેનું કારણ એ છે કે વ્રજ આપણા પ્રભુની જન્મભૂમિ છે. જે ભૂમિમાં શ્રી કૃષ્ણ (ઠાકોરજી) રહેતા હોય તે ભૂમિ ઉત્સવ પ્રિય કેમ ન હોય.

શ્રી કૃષ્ણના સમયમાં જે ઉત્સવો ઉમંગો ઉછાળીને ઉજવાતા હતા તે ઉત્સવોની પરંપરા આજે પણ ચાલુ જ છે. ચંદન, કેસરના રંગથી વ્રજ ભક્તો પ્રભુ સાથે હોળી ખેલે છે જેમાં જે રંગ છે તે રંગના જુદા જુદા ભાવ છે.

કેસરી રંગ શ્રી સ્વામિનીજી નો ભાવ છે.

શ્વેત રંગ શ્રી ઋષિરુપા સખીઓ નો ભાવ છે

ગુલાલનો લાલ રંગ એ શ્રી ચંદ્રાવલિજી નો ભાવ છે.

શ્યામ રંગનો યુવો એ શ્રી યમુનાજી નો ભાવ છે.

વ્રજમાં વ્રજની હોળી કૃષ્ણમય બનીને રંગાઈ જાય છે, અને કૃષ્ણ હોળીમય બનીને રંગાઈ જાય છે. પહેલા દિવસે હોળી પ્રગટાવવી અને બીજે દિવસે રંગોથી હોળી ખેલવાની. ખાસ કરીને પુષ્ટિ માર્ગીય મંદિરોમાં વસંત પંચમીથી લઈને ફાગણ વદ એકમ સુધી હોળીત્સવ મનાવવામાં આવે છે. જેમ જેમ દિવસો જાય તેમ તેમ ક્રમશ હોળીના ખેલ વધતા જાય છે. હોળીના રંગોત્સવ દરમ્યાન વ્રજમાં લોક સંગીત અને રસિયાની રમઝટ થાય છે. ક્યાંય નૃત્ય અને ક્યાંક કોઈક જગ્યાએ રસીલી ઢાઢીલીલાની અંદર વ્રજ ખોવાઈ જાય છે. વ્રજનાં હોળી ઉત્સવ દરમ્યાન પ્રત્યેક વ્રજનારી ગોપી અને પ્રત્યેક વ્રજનાર કૃષ્ણ બની જાય છે. આમ તો વ્રજમાં સર્વત્ર હોળીનો ઉત્સવ મનાવવામાં આવે છે, પરંતુ ચાર સ્થળની હોળી વધારે પ્રસિધ્ધ છે.

**(૧) નંદગામ બરસાનાની હોળી :** નંદગામના છેલછબીલા યુવાનો રંગ ઉડાડતાં, નાચતા ગાતા હાથમાં ચામડાની મોટી મોટી ઢાલો લઈને બરસાના આવે છે અને બરસાનાની યુવતીઓ લાકડીઓથી તેમનું સ્વાગત કરે છે. બરસાનાની યુવતીઓ ચપળતાથી ફરતી ફરતી લાકડીઓના ઘા યુવાનો પર કરતી જાય અને યુવાનો ચામડાની ઢાલથી પોતાના માથે પડતા ઘા ને ઝીલી લે છે. બરસાનાની સાંકડી ગલીઓ આ લઠ્ઠમાર હોળીનો આનંદ લેતી જાય છે અને રંગ ગુલાલનો વરસાદ કરતી જાય છે.

**(૨) જાવબેઠનની હોળી :–** વ્રજમાં બીજી હોળી જાવબેઠનની પ્રસિધ્ધ છે. અહીં શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીનાં ચરણોમાં અળતો લગાવેલો હતો. અહીં ચૈત્ર સુદી બીજની બપોરથી હોળી ખેલનો આરંભ થાય છે. જે સુર્યાસ્ત સુધી ચાલે છે. ગામના તમામ નાના મોટા લોકો ગામના ચૌરાહા (ચોક) માં એકઠાં થાય છે. પછી હાથમાં ઝાંઝ, પખવાજ, ડફ, થાળી, મંજીરા, ઢોલક, ખંજરીના મોટા ધ્વનિ સાથે ગામની ગલીઓમાં ફરે છે. તે દરમ્યાન ગામની નવવધૂઓ તેઓનું સ્વાગત અબીલ, ગુલાલની સાથે સાથે લાકડીઓથી કરે છે અને યુવાનો લાકડીઓના મારથી બચવા માટે વાંસની ટોપલીઓની ઢાલ બનાવી લે છે.

**(૩) દાઉજીની હુરંગા હોળી :–** લઠ્ઠમારની હોળી જેવી જ દાઉજીની હોળી હોય છે. હોળીના ઉત્સવમાં સખ્ય ભાવ હોવાથી અરસપરસ ભેદભાવ હોતા નથી. એકમેક ભેગા થી ફગુઆ ખેલે છે અને આઠ દિવસ અગાઉથી ઘૈરાયા બનીને નાચે છે. અબીલ, ગુલાલ અને પલાશના

I.S.W.P.
BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

ભીના રંગોથી પિચકારી ભરી એકબીજા ઉપર છાંટે છે.

**(૪) ફારેન ગામની હોળી :–** વ્રજના ફારેન ગામમાં જ્યારે હોળી સળગાવવામાં આવે છે ત્યારે તેના સળગતા અંગારા ઉપર યુવાનો મસ્તીથી ચાલે છે. આજુબાજુ અગ્નિની જ્વાળામાંથી તણખલાઓ ઉડે છે. તે દ્રશ્ય અત્યંત રોમાંચકારી હોય છે.

